
## વર્લ્ડ વાઇલ્ડલાઇફ ડે

# જંગલ-પ્રાણીપશુ પ્રત્યે જાગૃતિમાં જિમ કોર્બેટનાં દસ્તાવેજીકરણનું એક પ્રકરણ





**ઈન સાઈડ આઉટ સાઈડ**
**કિરણ કાપૂરે**

માણસખાઉ દીપડાની બીકે સૂર્યાસ્ત પછીની બધી હરફર ઉપર મરજિયાત પ્રતિબંધ આવી ગયો હતો. દિવસ દરમિયાન માણસોની બધી પ્રવૃત્તિ રાબેતા પ્રમાણે ચાલતી. હાટોમાં ખરીદી માટે કે સગાં સબંધીઓને મળવા માટે લોકો દૂર સુધી જતા આવતા, ચારા માટે ઘાસ લાવવા સ્ત્રીઓ ડૂંગરોમાં છૂટથી જતી, છોકરાંઓ પણ ઢોર ચારવા, લાકડાં વીણવા, કે ભણવા હંમેશ માફક જતાં, અને બદરીનાથ કે કેદારનાથના યાત્રાળુઓ સમૂહમાં કે એકલદોકલ જઈ શકતા. પણ સૂર્ય ક્ષિતિજમાં નીચો ઊતરે, અને ઓળા લંબાવા માંડે, એટલે ગઢવાલ[(ઉત્તરાખંડ રાજ્યના પશ્ચિમ ભાગમાં આવેલા આ નામ ધરાવતા બે જિલ્લા - તેહરી ગઢવાલ અને પૌરી ગઢવાલ)ના લોકોનું વર્તન એકદમ બદલાઈ જતું. હાટમાંથી કે પરગામથી પાછા ફરતા લોકો ઘેર પહોંચવા એકદમ દોટ મૂકતાં. ઘાસના ભારા લાવતી સ્ત્રીઓ ઊંચા નીચે ઢાળે પડતી આખડતી ઝડપભેર દોડતી. ઘેર નહીં આવેલાં બાળકોને જલદી પાછાં બોલાવવા, માતાઓ બૂમાબૂમ કરી મૂકતી. અને થાકથી જેમ તેમ પગ માંડતા યાત્રાળુઓને પણ રક્ષિત સ્થાને પહોંચી જવા દોડતાં ચાલવાનું કહેવામાં આવતું. રાતનું અંધારું થાય, કે આખા પ્રદેશ ઉપર એક સ્મશાન-શાંતિ પથરાઈ જતી. અવાજ પણ નહીં! અને હિલચાલ પણ નહીં! બારણાં બરાબર બંધ કરી બધાં ઘરમાં ભરાઈ રહેતાં! અને ઘણી જગ્યાએ તો બારણાં પણ બેવડાઈ ગયા હતાં! જે યાત્રાળુઓ બંધ ઉતારા સુધી ન પહોંચે, તે માંડવાઓમાં સજડાસજડી વળગીને રાત ગાળતા, અને માંડવામાં કે ઘરમાં દીપડાની બીકે કોઈ એકે અક્ષર પણ બોલતું નહીં! ગઢવાલના લોકોએ આ આઠ વર્ષ કેવા ત્રાસમાં ગાળ્યાં, તેનો ખરો ચિતાર આ દીપડાના કેટલાંક કરપીણ કૃત્યોથી આવી જશે.”

ઉપરનો ફકરો જે ટાંક્યો છે તે પુસ્તકનું મૂળ અંગ્રેજીમાં નામ છે : ‘મેન ઈટિંગ લિઓપાર્ડ ઑફ રુદ્રપ્રયાગ’. પુસ્તકના લેખક છે જાણીતા શિકારી અને પ્રાણીઓના સંરક્ષક જિમ કોર્બેટ (૧૮૭૫-૧૯૫૫). આ પુસ્તક ગુજરાતીમાં ૧૯૬૩માં અનુવાદિત થયું છે અને તેના અનુવાદક છે જનકકુમાર હરિભાઈ દેસાઈ. પુસ્તકનું પ્રકાશન ‘ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ’દ્વારા થયું છે. ગુજરાતી પુસ્તકમાં ૨૧ પ્રકરણ છે અને તેમાં જિમ કોર્બેટ પુસ્તકની ભૂમિકામાં નોંધ્યું છે કે, ‘૧૯૧૮માં હિંદભરમાં વ્યાપેલા ઈન્ફ્લ્યુએન્ઝાના રોગચાળા વખતે, ગઢવાલમાં મરણ પ્રમાણ વધારે હતું. અને એ રોગચાળો બંધ થયો, કે તરત જ આ માણસખાઉ દીપડો ગઢવાલમાં ઝબક્યો હતો. ૧૯૧૮ના જૂન માસમાં રુદ્રપ્રયાગથી બારેક માઈલ દૂર બૈજી ગામે, આ રુદ્રપ્રયાગના માણસખાઉ દીપડાએ એનું પહેલું મારણ મારેલું હોવાની સરકારી નોંધ છે. અને ૧૯૨૬ના એપ્રિલની ૨૪મી તારીખે ભેંસવારા ગામે, તેણે માણસનું છેલ્લું મારણ કર્યું હતું. સરકારી નોંધ પ્રમાણે આ બે તારીખો વચ્ચેના ગાળામાં, આ દીપડાએ ૧૨૫ માણસો માર્યાં હતાં. સ્થાનિક સરકારી નોકરો અને લોકોના કહેવા પ્રમાણે તો આ નોંધાયેલી સંખ્યા કરતાં વધુ માણસો મરાયાં હતાં. હું એ ભાગમાં હતો, ત્યારે કેટલાંક મારણો આ સરકારી નોંધમાં લેવાયેલાં નહીં, એ હું જાણું છું, એટલે આ સરકારી નોંધ કરતાં વધુ માણસ જરૂર મરાયાં હતાં.’

આ પુસ્તકની અને વિશેષ કરીને જિમ કોર્બેટના પુસ્તકની વાત અહીં કરવાની થઈ તેનું કારણ ૩ માર્ચના રોજ ‘વર્લ્ડ વાઈલ્ડલાઈફ ડે’ આવે છે અને તેની ઉજવણી વિશ્વભરમાં થાય છે. આ દિવસનો ઉદ્દેશ એટલો કે તેનાથી જંગલો અને પશુપ્રાણીના સંરક્ષણ પ્રત્યે જાગ્રતિ વ્યાપક બને. જિમ કોર્બેટ પોતે શિકારી હતા, પરંતુ તેમણે મહદંશે શિકાર માણસખાઉ વાઘ-દીપડાનો કર્યો છે. મૂળે અંગ્રેજ જિમ કોર્બેટનો પરિવાર હાલમાં ઉત્તરાખંડમાં આવેલા નૈનિતાલમાં વસ્યો હતો. તે પછી જિમ કોર્બેટનું મહદંશે જીવન પણ અહીં જ વિત્યું હતું. જીવનના અંતિમ દાયકો તેઓ કેન્યામાં રહ્યા હતા. પોતાના જીવન દરમિયાન તેમણે અનેક નોકરી અને વેપાર કર્યા હતા. પરંતુ તેમને જંગલ અને પશુપ્રાણી



**દીપડાનો આંતક આ પૂરા ક્ષેત્રમાં ખૂબ હતો અને તેને મારવા માટે આંદોલન પણ થયું હતું. આખરે તે જિમ કોર્બેટની ગોળીથી જ મર્યો અને પુસ્તકમાં આખરે તેનું વર્ણન કરવામાં આવ્યું છે**

પ્રત્યે અદ્વિતિય પ્રેમ હતો. આ પ્રેમ તેમના કામમાં ઝળકતો હતો અને આ રીતે તેઓ આપણા દેશના ઉત્તર ભાગના જંગલોના પ્રેમમાં ગળાડૂબ થયા હતા. અને પછી તો તેમણે અનેક જગ્યાએ જંગલોના સંરક્ષણ અર્થે લખ્યું પણ ખરું. જોકે તેમણે માણસ-ખાઉં વાઘ-દીપડા વિશે જે કંઈ પુસ્તકોમાં લખ્યું છે તે રોમાંચકથાઓ આજે પણ કિશોરવયના બાળકો માટે પસંદીદા છે. આશ્ચર્યની વાત એ છે કે ‘રુદ્રપ્રયગાનો માણસખાઉ દીપડો’ ગુજરાતીમાં આજથી સાડા પાંચ દાયકા અગાઉ પ્રકાશિત થઈ ચૂક્યું હતું. જિમ કોર્બેટ વ્યક્તિ તરીકે અને તેમણે આપણા દેશની જે જંગલસૃષ્ટિ જોઈ તેના વિશે ખૂબ લખાયું છે; પણ હવે આ લેખમાં ઉપર ટાંકેલા ફકરાથી આગળ વધીએ. આગળ તેઓ લખે છે કે, ‘ચૌદ વર્ષનો એક છોકરો ચાળીશેક ગોવાળું કરતો હતો. સાંજે બકરા ચારીને આવે ત્યારે તેને ખવડાવીને એક નાના ઓરડામાં પેલાં બકરાં ભેગો રાખી ઓરડો બંધ કરવામાં આવતો. આ ઓરડો ભોંયેતળિયે હતો, અને તેની બરાબર ઉપર બકરાંના માલિકનો સૂવાનો ઓરડો હતો. બકરાં રાતે પોતાના શરીર ઉપર આવી ન પડે એ માટે છોકરાએ ઓરડાને ડાબે ખૂણે એક આંતરો કર્યો હતો. ઓરડાને બારી જેવું કાંઈ હતું નહીં, અને બારણું એક જ હતું. બકરાં અને છોકરો સાંજે ઓરડામાં દાખલ થાય, એટલે એનો શેઠ બારણું બંધ કરી બારણાની સાંકળ નકુચા ઉપર ચઢાવી સાંકળ ઉપર લાકડાનો ટીકો ભેરવી દેતો, અને અંદર બાજુએ છોકરો બારણા સાથે એક પથ્થર ગોઠવી દેતો.’

આ પૂરી ઘટનામાં દીપડો કેવી રીતે ઓરડામાં આવ્યો અને કેટલી ચાલાકીથી છોકરાંને ઉપાડી ગયો તે વિશે જિમ લખે છે : ‘એક રાત્રે દીપડો ઓરડામાં પેસી બકરાંને છોડી દઈ છોકરા વાળા ખૂણામાં પહોંચ્યો, અને છોકરાને ઊંચકી ડુંગરના સીધા ઢાળે ઊતરી પાળાબંધ ખેતરો કૂદતો એક ઊંડા નાળામાં લઈ ગયો. સૂર્યોદય થયા પછી શોધ કરતાં, પેલા શેઠને છોકરાનાં અવશેષો એ નાળામાં મળી આવ્યા. બકરાં બહાર ભાગી ગયાં હતાં, આશ્ચર્યની વાત એ હતી કે ચાળીશ બકરામાંથી એકેને ઊઝરડો સરખો પણ થયો નહોતો. આ છોકરાને દીપડે માર્યો તે રાતે બારણું હંમેશ માફક બંધ કરવામાં આવ્યું હતું. બારણા ઉપર દીપડાના નહોરના ઊંડા ઊઝરડા પડેલા હતા, એટલે બારણું બંધ કર્યાની વાતમાં કોઈ શંકા નહોતી. બારણા ઉપર પંજા વીંઝાતાં નકુચામાંથી લાકડાની કટકી અને પછી સાંકળ પણ નીકળી ગઈ હશે, અને દીપડાના જોરથી બારણા સાથે પથ્થર પણ ખસ્યો હશે, એટલે દીપડાનો માર્ગ મોકળો થઈ ગયો હશે. ખૂણામાં છોકરો સૂતો હતો તે સિવાય ઓરડાની બધી જગ્યા બકરાંથી ખીચોખીચ ભરેલી હતી. હવે દીપડો બારણાથી છોકરાવાળા ખૂણા સુધી બકરાંની પીઠ ઉપર કૂદતો ગયો હશે કે બકરાં ઊભાં થઈ ગયાં હોય તો તેમના પગ નીચેથી ગયો હશે તેની ફક્ત અટકળ જ કરવાની રહે છે.’

દીપડાનો આંતક આ પૂરા ક્ષેત્રમાં ખૂબ હતો અને તેને મારવા માટે આંદોલન પણ થયું હતું. આખરે તે જિમ કોર્બેટની ગોળીથી જ મર્યો અને પુસ્તકમાં આખરે તેનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં જિમ લખે છે : ‘હું આટલી બધી રાત બે આંબા ઉપર બેઠો, ત્યારે ગોળી મારવામાં ઓછામાં ઓછો વખત લાગે, અને ઓછામાં ઓછી હિલચાલ કરવી પડે, એવું આસન મેં નક્કી કરી લીધું હતું. બકરો મચાણથી વીશેક ફૂટ છેટે હતો પણ ઝાડ ઘટાદાર હોવાથી ઝાડ નીચે ગાઢ અંધકાર હતો, અને આંખને ખૂબ ખેંચવા છતાં નજર નજીવા અંતર સુધી પણ પહોંચતી નહોતી,

મારી રાઈફલ સાથે વીજળી-બત્તી જોડેલી હતી, રાઈફલની નળી બકરા તરફ બરાબર તાકીને રાખી હતી, પણ પળ ઉપર પળ વીતવા માંડી એટલે મને લાગ્યું કે દીપડો યાત્રાળુ પડાવ ઉપર જઈ કોઈ યાત્રાળુની પસંદગી તો કરતો નહીં હોય. એવામાં ઝાડ નીચેથી કાંઈ ઝડપથી દોડ્યું, અને તરતજ બકારાની ઘંટડી રણકી ઊઠી. ઝપ દઈને મેં બત્તીની ચાંપ દાબી. રાઈફલનું નિશાન બરાબર દીપડાની ખાંધ ઉપર જ જણાયું. એટલે તરત જ રાઈફલની કળ પડી. અને કળ પડતાંની સાથે બત્તી પણ ગુલ થઈ ગઈ.’

આ રીતે જિમ કોર્બેટે 125 વ્યક્તિને મારી ફાડી ખાનારા દીપડાને ગોળીએ દીધો હતો. હવે જનકુમાર દેસાઈનું પુસ્તક ઉપલબ્ધ નથી, પરંતુ ‘મેન ઈટિંગ લિઓપાર્ડ ઑફ રુદ્રપ્રયાગ’નો અન્ય અનુવાદ ગુજરાતીમાં પ્રકાશિત થઈ ચૂક્યું છે. ગુજરાતી ભાષામાં આવાં પુસ્તકો વધુ ને વધુ થવાં જોઈએ. આવાં સાહિત્યથી જંગલ-પશુપ્રાણીઓ પ્રત્યેની સંવેદના વાચકોમાં જન્મે અને તે માટે જાગ્રતતા લાવવા પણ તે ઉપયોગી રહે.●

# જૂના-નવા ‘દાદા’ઓની દાદાગીરી!



**શરદ જોશી સ્પીકિંગ**
**સંજય છેલ**

આપણા દેશમાં કોણ, ક્યારે અને કેવા સંજોગોમાં ‘દાદા’ કે ‘ગુંડો’ બનીને ‘દાદાગીરી’ કરવા માંડે એનું કંઇ કહેવાય નહીં. એક ‘દાદા’ એનાં જીવનમાં પહેલી વખત ‘દાદા’ ત્યારે જ બને છે, જ્યારે કોઈ એને પહેલી વાર ડરીને ‘દાદા’ કહેવા માંડે છે. ત્યાર પછી બીજા લોકો પણ એને ‘દાદા’ કહેવા લાગે છે કે માનવા માંડે છે. ધીમે ધીમે આખો મહોલ્લો, પછી આખું શહેર અને પછી આખો સમાજ, એને ‘દાદા’ કહેવા માંડે છે. અને એ ખરેખર બધાંનો ‘દાદા’ બની જાય છે.

પછી બીજા બધાં લોકો એનાથી આતંકિત ને ભયભીત થઈ જાય, બધાં લોકો એને માન આપવાનું શરૂ કરે છે અને એના પ્રત્યે એક વિશેષ પ્રેમ દર્શાવે છે. જો કે આ બધું ફક્ત ડરના કારણે જ હોય છે. જો કોઈ માણસ એક વખત ‘દાદા’ બની જાય પછી કાયમ માટે એ ‘દાદા’ જ રહે છે. જ્યારે બૂઢાપામાં કે હારીને દાદાગીરી કરવાની બધી પરિસ્થિતિઓ ખતમ થઈ જશે તો પણ એ તો કાયમ ‘દાદા’ જ રહેશે.

**પછી એવું બન્યું કે કેટલાક દાદાઓ જ નેતા બની ગયા. અને કેટલાક પછી નેતાઓ જ ‘દાદા’ કહેવાવા માંડ્યા. સમય જતાં ‘નેતાગીરી’ કરવા માટે ‘દાદાગીરી’ કરવી જરૂરી થઇ પડી!**

આપણી ભાષામાં બાપના બાપને ‘દાદા’ કહેવાય છે પણ મરાઠી, બંગાળી કે હિન્દી વગેરે ભાષામાં મોટા ભાઈને પણ ‘દાદા’ કહેવાય છે.

તમે કોઇ ગુંડા કે ‘દાદા’ને તમારો ‘મોટો ભાઈ’ માની લો અથવા ના છૂટકે બાપનો બાપ સમજવા માંડો એ તમારી મરજી કે લાચારી, જો તમે એ ‘દાદા’ને આ બંનેમાંથી એક માનવા તૈયાર ન હોવ તો ય એ જબરદસ્તી તમારી પાસે મનાવીને જંપશે. આને કહેવાય ‘દાદાગીરી’!

બાય ધ વે, આ દાદાગીરી કરવી એ આલતૂ-ફાલતૂ માણસનું કામ નથી. એ વિશેષ ગુણ અમુક ખાસ માણસોમાં જ હોય છે. જે ‘દાદા’હોય એ માણસના હાવભાવ કે વર્તન, હિલચાલ જોઈને જ તમે સમજી જશો કે આ માણસ ‘દાદો’ છે ને એ જે કરે છે એ ‘દાદાગીરી’ જ છે.

‘દાદાગીરી’નું માન એક જમાનામાં ‘નેતાગીરી’થી ઓછું નહોતું. લોકો નેતાઓની વાત ભલે સાંભળતા પણ આદેશ તો દાદાનો જ માનતા. જે દાદા ઈચ્છે એ જ પછી થતું. તે વખતે નેતાઓ મજબૂત હતા પછી ભલેને એ દાદા હોય કે ના હોય! પણ સમય જતાં નેતાઓ થોડા નબળા પડવા માંડ્યા અને સમાજ સુધી પહોંચવા ‘દાદા’ લોકોનું સમર્થન લેવા માંડ્યા.

પછી એવું બન્યું કે કેટલાક દાદાઓ જ નેતા બની ગયા. અને કેટલાક પછી નેતાઓ જ ‘દાદા’ કહેવાવા માંડ્યા. સમય જતાં ‘નેતાગીરી’ કરવા માટે ‘દાદાગીરી’ કરવી જરૂરી થઈ પડી!

નવા નેતાઓથી, જૂના નેતાઓને એટલો ખતરો નહોતો જેટલો નવા દાદાથી જૂના દાદાઓને હતો. ઉલ્ટાનું નવા દાદાઓ બને છે જ જૂના દાદાઓને મારીને. નવી દાદાગીરી, જૂની દાદાગીરીને ખતમ કરીને જ જન્મે છે. હવે તો નેતાગીરી ને ગુંડાગીરી કે દાદાગીરીમાં એટલી સામ્યતા આવી ગઈ છે કે કોઈ નેતા, હારે કે ભાંગી પડે તો આપણે સમજવું કે- ‘હાય, સમાજમાં એક દાદાનું પતન થયું!’ અને નવો નેતા આવે તો સમજવું કે ‘અરે વાહ, આપણે ત્યાં એક નવો દાદા આવ્યો!’

પણ નવા દાદાએ એ ભૂલવું ન જોઈએ કે ‘ગોડફાધર’ કોઈ પણ વિસ્તારનો હોય, એ હારીને પણ સંપૂર્ણ રીતે હારતો નથી. એ તકની રાહ જુએ છે.

હાર કે જીત ભલે ગમે તે હોય, નવા નેતા કે નવા દાદાએ- જૂના ‘દાદા લોકો’ પાસેથી હજી ઘણું શીખવાનું બાકી છે!

(અમસ્તાં જ કંઇ બીજી ભાષાઓમાં ‘દાદા’ને ‘મોટા ભાઈ’ કહેતા હશે?) ●

# ભારત અને વેસ્ટઈન્ડિઝ વચ્ચેની મેચ નોકઆઉટ સમાન બની રહેશે

**ખેલખેલમેં**

ગુરુવારે ભારતે શાનદાર રિકવરી કરીને T20 વર્લ્ડ કપના સેમિફાઇનલમાં પ્રવેશવાની પોતાની આશા જીવંત રાખી છે. ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે રમાયેલી સુપર 8 મેચમાં સૂર્યકુમાર યાદવની ટીમે ઝિમ્બાબ્વેને 72 રનથી હરાવ્યું. ભારતની જીત સાથે, દક્ષિણ આફ્રિકા સેમી ફાઇનલમાં પહોંચી ગયું, જ્યારે ઝિમ્બાબ્વે ટુર્નામેન્ટમાંથી બહાર ફેંકાઈ ગયું છે. આ સાથે જ દક્ષિણ આફ્રિકા 2026 T20 વર્લ્ડકપના સેમી ફાઇનલમાં પ્રવેશ કરનાર ઇંગ્લેન્ડ પછી બીજી ટીમ બની છે. ગુરુવારે દક્ષિણ આફ્રિકાએ વેસ્ટ ઈન્ડિઝને હરાવતા તેના ચાર પોઈન્ટ થઇ ગયા છે અને હવે તેઓ રવિવારે બપોરે દિલ્હીમાં સુપર આઠ મેચમાં ઝિમ્બાબ્વે સામે રમશે જો કે તેઓ આ મેચ જીતે કે હારે તેનાથી તેમને કોઇ ફરક નહીં પડે કારણકે તેઓ સેમી ફાઇનલમાં પહોંચી જ ગયા છે અને તેમની હાર જીતથી માત્ર તેઓ ગ્રુપમાં ટેબલ ટોપર રહેશે કે પછી બીજા ક્રમે તે જ ફરક પડવાનો છે. તેઓની મેચ બપોરે રમાશે અને તે પછી રવિવારે સાંજે ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે મેચ રમાશે. ભારત અને વેસ્ટઈન્ડિઝ બંનેના 2-2 પોઈન્ટ છે અને આ બંને વચ્ચે કોલકાતામાં રમાનારી મેચ નોકઆઉટ મેચ સમાન રહેશે.

કારણકે આ મેચ જે જીતશે તે સુપર આઠ તબક્કામાં ગ્રુપ 1 માંથી બીજી સેમી ફાઇનલમાં સ્થાન મેળવનાર ટીમ બનશે. હાલના તબક્કે વેસ્ટ ઈન્ડિઝનો નેટ રન રેટ 1.791 છે જે ભારતના -0.100 કરતા શ્રેષ્ઠ છે, વળી હવે વાત નેટ રનરેટની છે જ નહીં હવે માત્ર હાર જીતની જ વાત છે.

જો ઈડન ગાર્ડન્સમાં રમાનારી મેચ વરસાદથી ધોવાઇ જાય તો પણ વેસ્ટઈન્ડિઝ તેની સારી રનરેટના આધારે સેમીમાં પહોંચી જશે અને ભારતની આશા ધોવાઇ જશે.

ગ્રુપ 2 માં, ઈંગ્લેન્ડે પાકિસ્તાન અને શ્રીલંકાને હરાવ્યું અને ચાર પોઈન્ટ સાથે ટેબલમાં ટોચ પર પહોંચીને સેમી ફાઇનલમાં સ્થાન મેળવ્યું. બુધવારે કોલંબોમાં શ્રીલંકાને હરાવીને ન્યૂઝીલેન્ડ હાલમાં ટેબલમાં બીજા સ્થાને છે, જેનાથી સહ-યજમાન ટીમ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ હતી. જો




ન્યુઝીલેન્ડ શુક્રવારે તે જ સ્થળે ઇંગ્લેન્ડને હરાવશે તો તે તમામ ક્વોલિફિકેશન અટકળોનો અંત લાવશે. તેઓ માત્ર ક્વોલિફાય જ નહીં, પરંતુ તેઓ પાંચ પોઈન્ટ સાથે ગ્રુપમાં ટોચ પર રહેશે અને સેમિફાઈનલમાં ગ્રુપ 1 માંથી બીજા ક્રમે રહેલી ટીમ સામે રમશે. જો ઈંગ્લેન્ડ તે મેચ જીતી જશે, તો તેઓ છ પોઈન્ટ સાથે ગ્રુપમાં ટોચ પર રહેશે, અને ઈંગ્લેન્ડની જીત પાકિસ્તાનને પણ રેસમાં રાખશે, જોકે પાકિસ્તાને NRR ના નોંધપાત્ર અવરોધને દૂર કરવા અને ન્યુઝીલેન્ડથી આગળ વધવા માટે શનિવારે શ્રીલંકાને મોટા માર્જિનથી હરાવવું પડશે. જો પાકિસ્તાન બહાર થઈ જાય છે, તો બંને સેમી ફાઇનલ ભારતમાં, કોલકાતા અને મુંબઈમાં 4 અને 5 માર્ચે રમાશે.

હવે વાત ભારતની નેટ રનરેટની કરીએ તો ભારતે નેટ રન રેટમાં વેસ્ટ ઇન્ડીઝથી આગળ વધવા માટે ઝિમ્બાબ્વેને 107 રનમાં ઓલઆઉટ કરવાની જરૂર હતી, જો કે ૨૫૭ રનના લક્ષ્યનો પીછો કરતી વખતે, ઝિમ્બાબ્વે ક્યારેય વિજય માટે તૈયાર દેખાતું પર શરૂઆતથી પકડ જમાવવાની ભારતની આશાઓ એટલી ફળી નહોતી. ઝિમ્બાબ્વેની ઈનિંગ દરમિયાન સૌથી પહેલા તો ભારતે પોતાના મુખ્ય બોલર જસપ્રીત બુમરાહને શરૂઆતથી બોલિંગ કરાવવાની જરૂર હતી પણ તેમ કરવાના સ્થાને તેને પહેલા ચેન્જ બોલર તરીકે લવાયો. આ સાથે

**રવિવારે રમાનારી મેચમાં જે જીતશે તે સેમી ફાઇનલમાં પહોંચી જશે, જો વરસાદ આ મેચ ધોઇ નાંખશે તો સારી રનરેટના કારણે વેસ્ટઇન્ડિઝ સેમીમાં પહોંચી જશે આ સ્થિતિમાં ભારતે એવી આશા રાખવી પડશે કે રવિવારે કોલકાતામાં વરસાદ ન પડે અને મેચ પુરી રમાય**

નહોતું. જોકે, તેમણે સ્ટાઈલિશ બેટિંગ કરી, લક્ષ્યની ચિંતા કર્યા વિના ભારતીય બોલરો સામે 184 રન બનાવ્યા અને તેના કારણે વેસ્ટઈન્ડિઝથી આગળ નીકળવાની ભારતની આશાઓને ફટકો પડ્યો. બધાની નજર હવે વેસ્ટ ઈન્ડિઝ અને ભારત વચ્ચેની મેચ પર રહેશે. જો ભારત તે મેચ જીતે છે, તો તે સેમિફાઈનલમાં આગળ વધશે.

જો તે જીતશે નહીં, તો વેસ્ટ ઈન્ડિઝ સેમિફાઈનલમાં આગળ વધશે. જો વરસાદ નહીં પડે, તો નેટ રન રેટ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. જો વરસાદ પડશે, તો વેસ્ટ ઈન્ડિઝ નેટ રન રેટના આધારે આગળ વધશે. જોકે, ત્યાં હવામાન સાફ રહેવાની અપેક્ષા છે.

ભારતીય ટીમની ઝિમ્બાબ્વે સામેની મેચની જો વાત કરીએ તો એ સમજાય છે કે ભારતે કેટલીક વ્યુહાત્મક ભુલો કરી હતી અને તેના કારણે ઝિમ્બાબ્વે જ હાર્દિક પંડ્યા અને જસપ્રીત બુમરાહની એક એક ઓવર બાકી રાખીને શિવમ દુબે પાસે બે ઓવર બોલિંગ કરાવવામાં આવી અને તેમાં દુબેએ 46 રન આપી દીધા હતા.

પહેલી ઓવરમાં જ તે ઝુડાયો હતો તો પછી તેને બીજી ઓવર આપવાનો ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવનો ઈરાદો શું હતો તે સમજી શકાયું નથી. ભારત પાસે એક ઉમદા ક્વોલિટીનો સ્પિનર છે કુલદીપ યાદવ, તેને કેમ રમાડવામાં આવતો નથી તે પણ સમજી શકાતું નથી, કેટલાક તો ત્યાં સુધી કહે છે કે મેદાન પર કુલદીપની હાર્દિક પંડ્યા અને સૂર્યકુમાર સાથે થયેલી થોડી નારાજગીને કારણે કુલદીપનું પત્તુ કાપી નાંખવામાં આવ્યું છે, પણ વાત જ્યારે ભારત વતી રમવાની આવતી હોય ત્યારે કેપ્ટને આવા પર્સનલ ઈગોને કોરાણે મૂકીને ટીમના હિતનો વિચાર પહેલા કરવો જોઈએ.●